પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-11-2025 Day: Sunday Morning : 6.50 to 7.00 am**

આકાશવાણી ભુજ સમાચાર નેહલ ઠક્કર વાંચે છે.

---

## મુખ્યમંત્રી - ભારતપર્વ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, અનેકતામાં એકતા એ જ આપણી વિશેષતા છે. એકતાનગર ખાતે ગઇકાલે ભારત પર્વ 2025નો પ્રારંભ કરાવતા શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

આગામી 15 નવેમ્બર સુધી યોજાનારા ભારત પર્વમાં ભારતના વિવિધ સાંસ્કૃતિક વારસા, પરંપરા અને કળાત્મક કૌશલ્યનું પ્રદર્શન યોજાશે. તેમજ દરરોજ સાંજે બે અલગ-અલગ રાજ્ય અનોખી પરંપરા અને કળાનું પ્રદર્શન કરશે. 15 નવેમ્બરે ભગવાન બિરસા મુંડા જયંતી નિમિત્તે વિશેષ પ્રસ્તુતિ પણ યોજાશે. આ અગાઉ, જનજાતિય ગૌરવ વર્ષની ઉજવણીના ભાગરૂપે ભગવાન બિરસા મુંડાના જીવન અને યોગદાન વિશે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ કાર્યક્રમ ઉદ્ઘાટન સત્રનો એકતાનગર ખાતેથી પ્રારંભ થયો.

-----------------------------------------------------------------------------------

## આકાશવાણી – સંગીત સંમેલન

પ્રસાર ભારતી, સંસ્કૃતિ મંત્રાલયના સહયોગથી, આજે આકાશવાણી સંગીત સંમેલનની 67મી આવૃત્તિ શરૂ કરશે. આ સંમેલન આ મહિનાની 29મી તારીખ સુધી દેશભરના 24 કેન્દ્રો પર ચાલશે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 1954માં સ્થપાયેલ આકાશવાણી સંગીત સંમેલન ભારતની પ્રખ્યાત સાંસ્કૃતિક પરંપરાનું પ્રતીક છે. તે દેશભરના શ્રોતાઓને હિન્દુસ્તાની, કર્ણાટક અને લોક સંગીતનો અનુભવ કરવાની તક પૂરી પાડે છે. આ સંમેલન ભારતની સમૃદ્ધ સંગીત પરંપરાને સાચવવા, પ્રોત્સાહન આપવા અને લોકપ્રિય બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

-----------------------------------------------------------------------------------

## GST વસૂલાત : ઓક્ટોબર

૨૨ સપ્ટેમ્બરથી વસ્તુ અને સેવા કર - GST દરોમાં ઘટાડા બાદ, આ વર્ષે ઓક્ટોબરમાં કુલ GST વસૂલાતમાં ઓક્ટોબર ૨૦૨૪ની સરખામણીમાં ૪.૬ ટકાનો વધારો નોંધાયો છે.

ઓક્ટોબર ૨૦૨૪માં કુલ GST મહેસૂલ વસૂલાત ૧.૮૭ લાખ કરોડ રૂપિયા હતી. જે હવે વધીને ૧.૯૫ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ છે. ઓક્ટોબરમાં સેન્ટ્રલ GST વસૂલાત ૩૬ હજાર ૫૪૭ કરોડ અને સ્ટેટ GST વસૂલાત ૪૫ હજાર ૧૩૪ કરોડ હતી. એકીકૃત GST વસૂલાત ૧ લાખ ૬ હજાર ૪૪૩ કરોડ અને સેસ વસૂલાત ૭ હજાર ૮૧૨ કરોડ હતી.

---

## ગાંધીધામ : સ્વદેશી મેળો

ગાંધીધામ મહાનગરપાલિકા અને દીનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા આયોજિત સ્વદેશી મેળાની 50 હજારથી વધુ લોકોએ મુલાકાત લીધી હતી અને લગભગ 75 લાખથી વધુની સ્વદેશી ચીજ વસ્તુઓની ખરીદી કરી હતી. આ મેળાને ગાંધીધામ સંકુલ અને કચ્છભરમાંથી સારો પ્રતિસાદ મળ્યો છે, તેના થકી જ વહીવટી તંત્રને નવા આયોજન માટેની પણ પ્રેરણા મળી છે, એના આગામી સમયમાં અન્ય આ પ્રકારના આયોજન કરવામાં આવે તેવી પણ સંભાવના છે.

---

## ક્રિકેટ

મહિલા વિશ્વ કપની ફાઈનલ આજે નવી મુંબઈ ખાતે રમાશે, જેમાં ભારતીય મહિલા ટીમનો મુકાબલો દક્ષિણ આફ્રિકાની મહિલા ટીમ સાથે થશે. મેચ બપોરે ત્રણ વાગ્યે શરૂ થશે. ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયાને હરાવીને ફાઈનલમાં પ્રવેશી છે, તો દક્ષિણ આફ્રિકાની ટીમ ઈંગ્લેન્ડને હરાવી અંતિમ જંગ રમશે.

બીજી તરફ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રીજી T 20 મેચ આજે ઓસ્ટ્રેલિયામાં હોબાર્ટ ખાતે રમાશે. પાંચ T 20 મેચોની બીજી મેચ જીતી ઓસ્ટ્રેલિયા એક શૂન્ય મેચની સરસાઇ ધરાવે છે. આજે મેચ ભારતીય સમય મુજબ બપોરે પોણા બે વાગ્યે શરૂ થશે.

---------------------------------------------------------------------------------

<u>કચ્છ – બાસ્કેટ બોલ</u>

રાજ્ય કક્ષાની બાસ્કેટ બોલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યા બાદ કચ્છની ટીમે પશ્ચિમ કચ્છ એસપી કચેરીમાં જિલ્લા પોલીસ અધિક્ષક વિકાસ સુંડાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. એસપીએ બાસ્કેટ બોલ અન્ડર -14 ની ટીમના પ્રદર્શનને બિરદાવ્યું હતું. કચ્છનાં બાળકોને રમત માટે પૂરતો સહયોગ આપવાની ખાતરી ઉચ્ચારતાં એસપીએ કોચ આબીદ સમાને પણ બાળકો ને કોઈપણ તકલીફ ન પડે તેનું ખાસ ધ્યાન રાખવા સૂચવ્યું હતું. ટૂર્નામેન્ટની ફાઈનલ મેચમાં કચ્છની ટીમે ભાવનગરની ટીમને હરાવીને બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

---------------------------------------------------------------------------------

<u>હવામાન</u>

અરબી સમુદ્રમાં સર્જાયેલી ડિપ્રેશનની અસર તળે હજુ બે દિવસ છૂટાછવાયા વરસાદની આગાહી વચ્ચે જિલ્લાના મોટા ભાગના વિસ્તારમાં વરાપનો માહોલ જોવા મળ્યો હતો. જિલ્લા મથક ભુજ સહિતના વિસ્તારમાં વાદળોની આછી પાતળી હાજરી વચ્ચે મહત્તમ પારો ઊંચકાતાં દિવસે ઉકળાટ અનુભવાયો, તો સવારના ભાગે વાતાવરણમાં ઠંડીની ચમક જળવાયેલી રહી હતી. જિલ્લામાં મહત્તમ તાપમાન 32થી 34 ડિગ્રી  અને લઘુત્તમ તાપમાન 20થી 22 ડિગ્રી નોંધાતાં વાતાવરણમાં ઠંડક પણ અનુભવાઇ હતી. હવામાન વિભાગે માવઠાંની સંભાવનાને બે દિવસ માટે યથાવત્ રાખી છે.

---------------------------------------------------------------------------------

<u>અંજાર  : નિદાન-સારવાર કેમ્પ</u>

અંજાર રોટરી ક્લબ, રોટરેક્ટ ક્લબ તેમજ સરકારી આયુર્વેદિક દવાખાના વરસામેડીના સંયુક્ત ઉપક્રમે  અંજાર ખાતે નિ:શુલ્ક સર્વરોગ આયુર્વેદ તથા હોમિયોપેથી નિદાન-સારવાર

કેમ્પ અને ફ્રી દવા વિતરણ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં 105 લોકોને તપાસવામાં આવ્યા હતા અને નિદાન-સારવાર તેમજ ફ્રી દવાઓ આપવામાં આવી હતી. તબીબો દ્વારા આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિની ઉપયોગિતા તેમજ સ્વાસ્થ્ય જાળવણી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---